RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 272, Dt.4-2-2025 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગુજરાતમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાની તૈયારી


## સુપ્રિમ કોર્ટના નિવૃત ન્યાયાધીશની અધ્યક્ષતામાં કમિટીની રચના કરાઈ : રાજ્ય સરકારે ૫ સભ્યોની કમિટીની રચવાની જાહેરાત કરી :કમિટી ૪૫ દિવસમાં પોતાનો રિપોર્ટ આપશે

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાતમાં યુનિફોર્મ સિવિલ કોડના અમલને લઈ મહત્ત્વના સમાચાર આવ્યા છે. યુસીસી લાગુ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા આજે મહત્ત્વની જાહેરાત કરવામાં આવશે. યુસીસીના અમલ માટે પહેલ કરનાર ઉત્તરાખંડ બાદ ગુજરાત બીજું રાજ્ય બનવા જઈ રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, રાજ્યમાં વસતા તમામ નાગરિકોને સમાન હક અને અધિકાર મળે તે માટે આગળ વધી રહી છે. ગુજરાતમાં કોમન સિવિલ કોડની આવશ્યકતા ચકાસવા અને કાયદા માટેનો મુસદો તૈયાર કરવા સુપ્રિમ કોર્ટના નિવૃત ન્યાયાધીશ રંજના દેસાઈની અધ્યક્ષતામાં કમિટી રચવાનો નિર્ણય કરાયો છે.

જસ્ટિસ રંજના દેસાઈ સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જજ છે. તે ૧૩ સપ્ટેમ્બર ૨૦૧૧થી ૨૯ ઓક્ટોબર ૨૦૧૪ સુધી સુપ્રીમ કોર્ટમાં જજ હતા. તેમનો જન્મ ૩૦ ઓક્ટોબર ૧૯૪૯ના રોજ થયો હતો. તેણે ૧૯૭૦માં મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાંથી સ્નાતક (ઈ.અ.) પૂર્ણ કર્યું અને પછી ૧૯૭૩માં મુંબઈની સરકારી લો કોલેજમાંથી બેચલર ઑફ લોઝ (ઈઅ કકઈ)ની પરીક્ષા પાસ કરી. તે પછી તેણે વકિલાત શરૂ કરી.જસ્ટિસ રંજના દેસાઈ જમ્મુ અને કાશ્મીર પરના સીમાંકન આયોગના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. ૭૦ના દાયકામાં પ્રેક્ટિસ શરૂ કરનારા જસ્ટિસ દેસાઈ સુપ્રીમ કોર્ટ પહેલા બોમ્બે હાઈકોર્ટના જજ રહી ચૂક્યા છે.

રાજ્યમાં યુનિફોર્મ સિવિલ કોડનો મુસદ્દો તૈયાર કરવાનો છે એ અંગેના આયોજન અંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં આઝાદીના ૭૫માં વર્ષની ઉજવણી થઈ રહી છે ત્યારે વડાપ્રધાન દ્વારા દેશના તમામ નાગરિકોને સમાન હક મળે તે માટે કોમન સિવિલ કોડનો દેશ વ્યાપી અમલ કરવાનો નિર્ણય કર્યો છે. ભાજપ સરકાર જે કહે છે તે કરે છે. વન નેશન વન ઈલેક્શન, આર્ટિકલ ૩૭૦, ત્રિપલ તલાક કાનૂન વગેરે માટે જે વચન આપ્યા હતા તે એક પછી એક પૂરા થયા છે. હવે સમાન નાગરિક ધારો અમલ કરવા માટે સંકલ્પ છે. ગુજરાત સંકલ્પ સાકાર કરવા માટે હંમેશા કટિબદ્ધ છે. રાજ્યમાં વસતા તમામ નાગરિકોને સમાન હક અને અધિકાર મળે તે દિશામાં આગળ વધે છે. આ માટે ગુજરાતમાં કોમન સિવિલ કોડ ની આવશ્યકતા ચકાસવા તથા કાયદા માટે નો મુસદ્દો તૈયાર કરવા સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ શ્રીમતી રંજના દેસાઈ ની અધ્યક્ષતામાં કમિટી રચાશે. ૫ સભ્યોની આ કમિટીમાં વરિષ્ઠ નિવૃત્ત આઈ.એ.એસ. સી એલ મીણા, આર



સી કોડેકર, દક્ષેશ ઠાકર, ગીતાબેન શ્રોફનો સમાવેશ થાય છે. આ કમિટી તમામ પાસાનો અભ્યાસ કરીને ૪૫ દિવસમાં રાજ્ય સરકારને રિપોર્ટ આપશે. આ રિપોર્ટના આધારે સરકાર નિર્ણય કરશે.

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી એ કહ્યું હતું કે, તમામ વાયદા પૂરા કરવામાં આવી રહ્યા છે. સમયસર કામગીરી પૂર્ણ કરવામાં આવશે. એક જ નિયમોને આધારે રિપોર્ટ તૈયાર કરવામાં આવશે. રંજનાબેન દેસાઈ ની નિમણૂક કરવા પાછળના કારણો અંગે જણાવ્યું હતું કે, તે ખૂબ અનુભવ ધરાવે છે. અનુભવના આધારે પસંદગી કરવામાં આવે છે. બહોળો અનુભવ છે અને સુપ્રિમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ છે. આદિવાસી અધિકારોને આ કાયદો અસર કરશે કે કેમ તે અંગે ગૃહ રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ઉત્તરાખંડ સરકારનું યુસીસી મોડેલ અદભુત છે. આ મોડેલમાં આદિવાસી સમાજના હકને યુ.સી.સી કાયદામાં લાવવામાં આવ્યો નથી. ગૃહ મંત્રીએ પણ ઝારખંડની સભા દરમિયાન કહ્યું હતું કે, આદિવાસી સમાજના રિવાજ તથા કાયદાનું સંરક્ષણ સંપૂર્ણ કરવામાં આવશે.ગુજરાતમાં ધર્મના આધારે રહેણાંકનું વિભાજન (અશાંત ધારો) છે એ ઘટના આધારિત નક્કી કરવામાં આવે છે એટલે આ મુદ્દો સુસંગત નથી. ૪૫ દિવસમાં રિપોર્ટ આવ્યા પછી મુખ્યમંત્રી નિર્ણય કરશે અને વિધાનસભામાં બિલ રજૂ કરવામાં આવશે.

એચ.યુ.એફ. નો પણ અલાયદો કાયદો છે. કોઈ એક સમાજ માટે આ કાયદો નથી. ધર્મ સાથે જોડાયેલા લોકોને પણ આ કમિટી મળશે. રિપોર્ટમાં તમામ રિવ્યૂ રજૂ કરવામાં આવશે.

# અમેરિકાથી ગેરકાયદે ભારતીયોનું ડિપોર્ટેશન શરૂ

## અમેરિકાએ ઈમિગ્રન્ટ્સ વિરૂદ્ધ શરૂ કર્યુ મહા અભિયાન : સામૂહિક દેશ નિકાલની કામગીરી શરૂ

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ બાદ અમેરિકાએ ઈમિગ્રન્ટ્સ વિરુદ્ધ એક મોટું અભિયાન શરૂ કર્યું છે અને સામૂહિક દેશનિકાલ શરૂ કર્યો છે. આ અંતર્ગત, સોમવારે અમેરિકાથી માઈગ્રન્ટ્સને લઈને એક અમેરિકન લશ્કરી વિમાન ભારત માટે રવાના થયું. એક અમેરિકન ઈ-૧૭ લશ્કરી વિમાન સ્થળાંતર કરનારાઓને લઈને રવાના થઈ ગયું છે. અધિકારીએ જણાવ્યું હતું કે આ વિમાન ઓછામાં ઓછા ૨૪ કલાક પહેલાં નહીં આવે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસ પરત ફર્યા પછી ભારતમાંથી આ પહેલું દેશનિકાલ હશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને વિદેશ સચિવ માર્કો રુબિયોએ વડા પ્રધાન મોદી અને વિદેશ મંત્રી સાથેની વાતચીત દરમિયાન અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા ભારતીયોનો મુદ્દો ઉઠાવ્યો હતો. બાબતોના મંત્રી એસ. જયશંકર. તરફથી પ્રવેશ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. અગાઉ, ભારત દેશ છોડીને જતા ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને પાછા લેવા સંમત થયું હતું. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારત ૧૮,૦૦૦ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને પાછા લેશે.

સેનાની મદદથી દેશનિકાલ ઝુંબેશ, ટ્રમ્પ વહીવટીતંત્રે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ સામેના અભિયાનમાં મદદ કરવા માટે અમેરિકી સૈન્યની મદદ માંગી છે. આ માટે અમેરિકા અને મેક્સિકો સરહદ પર વધારાના સૈનિકો મોકલવામાં આવ્યા છે. સ્થળાંતર કરનારાઓને પાછા મોકલવા માટે લશ્કરી વિમાનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે અને તેમને રાખવા માટે લશ્કરી થાણા ખોલવામાં આવ્યા છે. દેશનિકાલ ફ્લાઈટ્સ ગેરકાયદેસર તરીકે ઓળખાતા સ્થળાંતરીઓને ગ્વાટેમાલા, પેરુ અને હોન્ડુરાસ લઈ




ગઈ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારત સૌથી દૂરનું સ્થાન હશે જ્યાં દેશનિકાલ ફ્લાઈટ જશે.

ટ્રમ્પ અને મોદી વચ્ચે ઈમિગ્રેશન અંગે ચર્ચા, ગયા મહિને શપથ ગ્રહણ બાદ પીએમ મોદી સાથેની પહેલી ફોન વાતચીત બાદ, ટ્રમ્પે કહ્યું હતું કે તેઓએ ઈમિગ્રેશન અંગે ચર્ચા કરી હતી અને કહ્યું હતું કે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને પાછા લેવાની વાત આવે ત્યારે ભારત જે યોગ્ય છે તે કરશે. વ્હાઈટ હાઉસે કહ્યું હતું કે બંને નેતાઓ વચ્ચે સકારાત્મક વાતચીત થઈ હતી અને તેમણે બંને દેશો વચ્ચે સહયોગ વધારવા અને ગાઢ બનાવવા અંગે ચર્ચા કરી હતી.

# અનેક ભાગોમાં હવામાનમાં પલ્ટો દિલ્હી, યુપી સહિતના રાજયોમાં વરસાદ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

શિયાળાના અંતિમ તબકકામાં ફરી દેશના અનેક ભાગોમાં હવામાન પલ્ટો થયો હોય તેમ દિલ્હી, ઉતરપ્રદેશમાં વરસાદ વચ્ચે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો.

પાટનગર દિલ્હીમાં કેટલાંક દિવસોથી કાતિલ ઠંડીમાં રાહત હતી ત્યાં આજે સવારે હવામાન પલ્ટા વચ્ચે હળવો વરસાદ વરસ્યો હતો. આ સિવાય ઉતરપ્રદેશના અનેક શહેરોમાં પણ મોડીરાતથી વરસાદી ઝાપટા તથા ઠંડા પવન ફુંકાતા ઠંડીનો ચમકારો જણાયો હતો.

આજે પણ આકાશમાં વાદળો છવાયેલા રહેવાની તથા વરસાદી ઝાપટા વરસવાની આગાહી



હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આગ્રા, મથુરા, ફિરોઝાબાદ, કાનપુર, લખનૌ, ઉન્નાવ, બારાબંકી, અયોધ્યા, બલરામપુર, પ્રયાગરાજ, વારાણસી સહિતના શહેર-જિલ્લાઓમાં હવામાન પલ્ટો હતો. ધુમ્મસની પણ આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના રિપોર્ટ પ્રમાણે નવા વેસ્ટર્ન ડીસ્ટર્બન્સને કારણે હવામાન પલ્ટો થયો છે અને હળવો વરસાદ છે. કાલથી વાતાવરણ સ્વચ્છ બનવાની સંભાવના છે.

# મોદી આગામી સપ્તાહે અમેરિકા જશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને અમેરિકાની મુલાકાત લેવા આપેલા આમંત્રણનો સ્વીકાર કરી લેવાયો છે અને શ્રી મોદી તા.૧૩ના રોજ વોશિંગ્ટનમાં પ્રમુખ ટ્રમ્પ સાથે શિખર બેઠક યોજશે.



અમેરિકામાં સતા સંભાળ્યા બાદ પ્રથમ ટેલીફોનિક વાતચીતમાં જ શ્રી ટ્રમ્પે વડાપ્રધાન મોદીને અમેરિકાની મુલાકાત લેવા આમંત્રણ આપ્યુ હતું. અમેરિકામાં સતા સંભાળ્યા બાદ કોઈ વિદેશી રાષ્ટ્રવડા વ્હાઈટ હાઉસ પહોંચ્યા હોય તેમાં સંભવત શ્રી મોદી પ્રથમ હશે. ટ્રમ્પે જે રીતે ટેરિફ વોર છેડી છે તેમાં ભારત પણ ટાર્ગેટ છે. પરંતુ તેઓએ આ પુર્વે ભારત સાથે વાતચીત કરવાનું પસંદ કર્યુ છે તે સૂચક છે. શ્રી મોદી તેમના પુર્વા નિર્ધારીત કાર્યક્રમ મુજબ ૧૦-૧૧ ફ્રાન્સની મુલાકાતે જવાના જ હતા અને હવે તેઓ ફ્રાન્સથી સીધા જ વોશિંગ્ટન પહોંચી જશે. હાલમાં જ વિદેશી મંત્રાલયના પ્રવકતાએ સ્વીકાર્યુ હતું કે, પ્રમુખ ટ્રમ્પ અને વડાપ્રધાન મોદીની મુલાકાત શક્ય તેટલી વહેલી યોજાય તે નિશ્ચિત કરવામાં આવી રહ્યું છે અને બંને દેશો ડિપ્લોમેટીક ચેનલ મારફત પરસ્પર સાનુકુળ તારીખો નિશ્ચિત કરશે.આ પુર્વે જ તા.૨૭ જાન્યુઆરીના મોદી-ટ્રમ્પ વચ્ચેની વાતચીતમાં વડાપ્રધાનની અમેરિકા મુલાકાત શક્ય તેટલી વહેલી યોજાય તે નિશ્ચિત બની ગયુ હતું અને હવે તે નિશ્ચિત થઈ ગઈ છે અને વિદેશમંત્રી શ્રી એસ.જયશંકર પણ તેમની સાથે અમેરિકા જશે.

# વૈશ્વિક માપદંડોને અનુરૂપ નવો આવકવેરા કાયદો ગુરૂવારે સંસદમાં રજુ થવાની સંભાવના

## નવા આવકવેરા વિધેયકમાં 'એસેસમેન્ટ તથા નાણાંકીય વર્ષ' મર્જ થશેઃ રિટર્ન સાથે જોડવાનાં દસ્તાવેજો, ફોર્મની સંખ્યા ઘટશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકાર આવતા બે-ત્રણ દિવસમાં નવુ આવકવેરા વિધેયક પેશ કરનાર છે અને તેમાં ટેકસના નાના કેસોમાં ઘણી રાહત મળવાના સંકેત છે. આવકવેરા પ્રક્રિયાને સરળ તથા પારદર્શી બનાવવાના ઉદેશ સાથે વૈશ્વિક માપદંડોને અનુરૂપ નવો આવકવેરા કાયદો ગુરૂવારે સંસદમાં રજુ થવાની સંભાવના છે. જેમાં વર્તમાન કાયદામાં રહેલી બીનજરૂરી જોગવાઈઓ રદ થશે.નાના કેસોમાં નોટીસોની જોગવાઈમાં પણ રાહત થશે. સુત્રોના કહેવા પ્રમાણે નવા સુચિત કાયદામાં વ્યકિતગતથી માંડીને કોર્પોરેટ કરદાતાઓને બીનજરૂરી ટેકસ જોગવાઈઓને નાબુદ કરવામાં આવશે તેનો અર્થ એવો થાય છે કે નાના પ્રકરણોમાં કરદાતાઓને નોટીસ ઈસ્યુ નહિં થાય. વર્તમાન આવકવેરા કાયદામાં એવી જોગવાઈ છે કે રીટર્ન ભરતી વખતે કરદાતાઓએ અનેક દસ્તાવેજો પણ જોડવા પડતા હોય છે. હાલ સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન કરી દેવામાં આવી છે. એટલે તેની જરૂરીયાત ન હોવી જોઈએ. આવકવેરાનાં પ્રવર્તમાન કાયદાની ભાષા પણ ઘણી અઘરી છે અને તેની મજબુત વ્યાખ્યાનાં આધારે કરદાતાઓને નોટીસો ફટકારાતા તેઓ હેરાન થતા હોય છે. આ સિવાય મામુલી ભુલ-ક્ષતિમાં પણ નોટીસો ઈસ્યુ કરીને ખુલાસા પૂછવામાં આવે છે.આવી તમામ જોગવાઈઓને હટાવી દેવામાં આવનાર છે. નવો કાયદો આંતર રાષ્ટ્રીય માપદંડોને અનુરૂપ હોવાથી વધુ સારૂ વાતાવરણ બની શકે છે.

સુત્રોના કહેવા પ્રમાણે સુચિત કાયદામાં ફોર્મની સંખ્યા ઘટાડીને સરળ ફોર્મની જોગવાઈઓ હતી રીટર્ન સાથે જોડવાનાં દસ્તાવેજોની સંખ્યા ઘટાડાશે. આવકવેરાની ગણતરી પ્રક્રિયા સરળ હશે અને કરદાતા પ્રોફેશ્નલની મદદ વિના પણ ફોર્મ ભરી શકશે. નાણાં વર્ષ અને આકારણી વર્ષને બદલે કર નિર્ધારણ વર્ષ નકકી કરાશે. રીફંડ પ્રક્રિયાને પારદર્શી બનાવવામાં આવશે અને નોટીસમાં તમામ વિગતો સામેલ કરવામાં આવશે. કેન્દ્ર સરકારે સામાન્ય




બજેટમાં ટીડીએસ જોગવાઈમાં મહત્વના ફેરફારો કર્યા છે તે પૈકી ભાડાની આવક મામલે હવે માસિક ગણતરી ફરજીયાત કરવામાં આવી છે. ભાડાની મિલ્કત મારફત થતી આવકની મર્યાદા રૂા.૨.૫૦ લાખથી વધારીને ૬ લાખ કરી દેવામાં આવી હોવા છતાં તેની ગણતરી માસિક ધોરણે કરવાની થશે. અર્થાત માસિક રૂા.૫૦૦૦૦ની મર્યાદા રહેશે. બીજી તરફ વિમા એજન્ટો, શેરબજારના ઈન્વેસ્ટરો, બ્રોકરેજ ફર્મ તથા ટેકનીકલ સેવા પ્રદાન કરતી કંપનીઓને ફાયદો થાય તેમ છે.

# મેકસીકો બાદ હવે કેનેડા પર પણ ટેરીફ લાદવાનુ મુલત્વી

## કેનેડાએ પણ સરહદી ઘુસણખોરી રોકવા સહિતના મુદે પગલાની ખાતરી આપતા હવે ૩૦ દિવસ ટેરીફ - રેસ્ટ જાહેર : ચીનનું મૌન

**મુખ્ય સમાચાર,ઓટ્ટાવો**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે છેડેલી ટેરીફ વોરમાં અચાનક જ સ્પીડ બ્રેકર આવી ગયા છે. અગાઉ ટ્રમ્પે મેકસીકો-કેનેડા અને ચીન પર ૨૫થી૧૦ ટકા ટેરીફ લાદવાની જાહેરાત કરી હતી.

પણ ગેરકાનુની ઘુસણખોરીથી લઈને અમેરિકામાં ડ્રગ ઘુસાડવા મુદે મેકસીકોએ સરહદી પગલા લેવા તથા ડ્રગમાફિયાઓ સામે કામ લેવામાં અમેરિકાને સહકાર આપવા મેકસીકોના રાષ્ટ્રપતિ કલાઉડીયા શીનબાળએ ખાતરી આપીને અમેરિકા સાથેની સરહદ પર વધુ સુરક્ષા પાસે ગોઠવવાની જાહેરાત કરતા જ ટ્રમ્પે આ ટેરીફનો અમલ એક માસ મુલત્વી રાખ્યો હતો.

તેજ રીતે કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ ગઈકાલે રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે ટેલીફોન પર વાતચીત કર્યા બાદ આ દેશ પરના ટેરીફમાં ૩૦ દિવસની રાહત આપવાની જાહેરાત કરી છે.

જો કે ચીન પર જે ૧૦% ટેરીફ લાદવામાં આવ્યો છે તેમાં હજુ શી જીનપીંગ શાસને કોઈ પ્રતિભાવ આપવાનો ઈન્કાર કર્યો છે. કેનેડાએ પણ અમેરિકી આયાતો પર ૨૫% ટેરીફ લાદવાની વધતી જાહેરાત કરી હતી જેના કારણે અમેરિકામાં મોંઘવારી વધે તેવો ભય હતો.

ટ્રુડોએ જો કે બાદમાં કેનેડાની સરહદોથી અમેરિકાએ ઘુસણખોરી થાય છે તે રોકવા વધુ ૧૦૦૦૦ સુરક્ષા દળોને ગોઠવવાની ખાતરી આપી હતી તથા



ટેરીફ વોર મુદે વાતચીતની તૈયારી દર્શાવી હતી. જેના કારણે હાલ ટ્રમ્પે ટેરીફ લાગુ કરવામાં ૩૦ દિવસનો સમય આપવાની જાહેરાત કરી છે.

# મજબુત પુરાવા વિના સબંધીઓને ઘરેલુ હિંસાના કેસમાં ફસાવવા કાનુની પ્રક્રિયાનો દુરઉપયોગઃ અલ્હાબાદ હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર, પ્રયાગરાજ**

અલાહાબાદ હાઈકોર્ટે ઘરેલુ હિંસાના મામલામાં પતિ અને સાસુને બાદ કરતા બાકી પારિવારીક સભ્યો સામે નોંધાયેલ કેસ રદ કરી દીધો છે અને કહ્યું છે કે, મજબુત પુરાવા વિના દુરના સબંધીઓને ઘરેલુ હિંસાના કેસમાં ફસાવવો કાનુની પ્રક્રિયાનો દુરૂપયોગ છે.

કેસ એવા લોકો માટે નોંધી શકાય છે કે જે પીડિતાની સાથે સંયુકત ઘરમા રહેતા હોય આ આદેશ ન્યાયમુર્તિ અરૂણકુમારસિંહ દેશવાલે સોનભદ્રની કૃષ્ણાદેવી અને અન્ય ૬ ની અરજી પર આપ્યો છે.

વૈવાહિક કલેશને લઈને પીડિતાએ પતિ અને તેની મા અને વિવાહીત નણંદો સામે ઘરેલુ હિંસાનો કેસ કર્યો હતો. આ મામલે કોર્ટે જણાવ્યું હતું કે ઘરેલુ હિંસાનો કેસ એ લોકો પર કરી શકાય છે જે પીડિતાની સાથે સંયુકત ઘરમાં રહે છે.

આ કોર્ટને ઘણા એવા કેસ પણ મળ્યા છે જેમાં પતિ કે ઘરેલુ સંબંધમાં રહેનારા વ્યકિતના પરિવારને પરેશાન કરવા માટે પીડિત પક્ષ બીજા પક્ષના એ સંબંધીઓને ફસાવતો હતો. જે પીડિત વ્યકિતની સાથે સંયુકત ઘરમાં નહોતા રહેતા અથવા અગાઉ રહી ચુકયા હતા.

ભાજપનાં સાંસદ દિનેશ શર્મા, રાજ્યસભામાં બોલતાં, સરકારને ઘરેલું હિંસા અને પજવણીના કાયદા લિંગ-તટસ્થ બનાવવા વિનંતી કરી. તેમણે કહ્યું કે, નસ્ત્રપુરુષો અને સ્ત્રીઓ બંને માટે સંતુલિત કાયદાની જરૂર છે. નેશનલ



કાઈમ રેકોર્ડ્સ બ્યુરોના ડેટાને ટાંકીને તેમણે કહ્યું કે, ૨૦૨૨ માં ૭૨ ટકા આત્મહત્યા કરનાર પુરુષો હતાં, જેમાં ઘરેલું કારણો ટાંકીને તીવ્ર વધારો થયો હતો. દિનેશ શર્માએ રાજ્યસભામાં એનસીઆરબીનો જરૂરી ડેટા પણ રજૂ કર્યો હતો. તેમણે કહ્યું કે, વર્ષ ૨૦૨૨ માં, ભારતમાં આત્મહત્યા કરનારા ૭૨ ટકા લોકો ૧૨૫૦૦૦ પુરુષો હતાં જ્યારે મહિલાઓની સંખ્યા લગભગ ૪૭૦૦૦ હતી. ૨૦૧૪ અને ૨૦૨૧ ની વચ્ચે, પુરુષો અને સ્ત્રીઓનાં આત્મહત્યાનાં પ્રમાણમાં નોંધપાત્ર વધારો થયો છે. આ સમયગાળા દરમિયાન, ૧૦૭.૫ ટકાથી વધુ પુરુષોએ કુટુંબની સમસ્યાઓને કારણે આત્મહત્યા કરી હતી. તેમણે ઉમેર્યું, આપણાં કાયદાએ મહિલાઓને ઘરેલું હિંસા અને પજવણીની સુરક્ષા કરવામાં પ્રગતિ કરી છે. પરંતુ પુરુષોને બચાવવા માટે આવા કાયદાઓનો અભાવ ચિંતાનો વિષય છે.

# રાજકોટની કેન્સર હોસ્પિટલ દ્વારા વિશ્વ કેન્સર દિવસની ઉજવણી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વિશ્વ કેન્સરદિવસ દર વર્ષે ૪ ફેબ્રુઆરીના રોજ સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે.આ દિવસની ઉજવણીનો મુખ્યઉદેશ્ય સમાજમાં કેન્સર પ્રત્યેની જાગૃતિ અને ભય દુર કરવાનો છે. જેના માટે રાજકોટ કેન્સર સોસાયટી લગભગ છેલ્લા ૬ દાયકાઓથી સૌરાષ્ટ્રમાં સતત કાર્યશીલ અને સંવેદનશીલ છે.રાજકોટની નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ જેને આપણે રાજકોટ કેન્સર સોસાયટી ના નામથી ઓળખીયે છીએ. જે સૌરાષ્ટ્ર કચ્છમાં કેન્સરની સારવાર માટે ઉત્કૃષ્ઠ સેવાઓ પુરી પાડતી આવી છે.રાજકોટ કેન્સર સોસાયટીની સ્થાપના ૧૯૬૯ માંકરવામાં આવી હતી. જેનો મુખ્યધ્યેય જરૂરીયાતમંદ અને ઓછી આવક ધરાવતા દર્દીઓને વ્યાજબી ભાવે ગુણવત્તાયુકત સારવાર પુરી પાડવાનો છે.

આ વિશ્વ કેન્સરદિવસ નીમીતે આયોજીત પત્રકાર પરિષદમાં રાજકોટ કેન્સર સોસાયટીના મેડીકલ ડાયરેકટર ડો.ખ્યાતી વસાવડાએ માહિતી આપતા જણાવેલ કે કેન્સરના દર્દીઓ રાજકોટ કેન્સર સોસાયટી ખાતે સારવાર લેવાનું પસંદ કરે છે જેનું મુખ્ય કારણ છે કે કેન્સર માટેની સંપુર્ણ સારવાર એકછત્ર હેઠળ પુરી પાડવામાં આવે છે, તથા અનુભવિ અને નિષ્ણાંત તબીબોની ટીમ ઉપલબ્ધ છે, અતિ આધુનિક સાધનો અને સુવિધા ઉપલબ્ધ છે આ ઉપરાંત હંફાળ, હકારાત્મક અને પારિવારીક વાતાવરણ દર્દીઓ અનુભવે છે જે કેન્સરને હરાવવા માટે પર્યાપ્ત છે.તથા જયારે દર્દીને કેન્સર માલુમ થાય







(તસ્વીરઃ આનંદ જાવિયા)

ત્યારેફકત દર્દી જ નહીં પરંત તેનો પરિવાર પણ માનસીક અને આર્થિક રીતે કપરી પરિસ્થિતીનો સામનો કરતા હોય છેતેવા સમયે પણ રાજકોટ કેન્સર સોસાયટી તેમને તબીબી અને પારીવારીક ટેકો પરો પાડે છે.રાજકોટ કેન્સર સોસાયટી ખાતે કેન્સરને થતું અટકાવવાના ઉપાયથી લઈને કેન્સરનાઅતિ ગંભીર દર્દીઓની પીડારહિત સારવાર કરી તેના જીવનની ગુણવત્તા સુધારવાના પ્રયાસો કરવામાં આવે છે.

આ વર્ષની વિશેષ થીમ છ UNITED BY UNIQUE જેની વિશ્વસ્તરે ત્રણ વર્ષ સુધી ઝુંબેશ ચાલશે જેનો મુખ્ય ઉદેશ્ય એ છે કે કેન્સરગ્રસ્ત દર્દીનાનિદાન અનેસારવારથી વધુ દર્દીનાવ્યકિતગત અનુભવો,લાગણીઓ અને આકાંક્ષાઓ પર પણ ધ્યાન કેન્દ્રીત કરવું.કારણ કે દરેક વ્યકિતની વિશિષ્ટતાઓ અલગ હોય છે તેથીફકત તેમની તબીબી અથવા માનસિક સ્વાથ્યની સ્થિતીઓ ઉપરાંતતેને વ્યકિત તરીકે ઓળખવા એ આ ઝુંબેશનો મુખ્ય હેતુ છે. દર્દીની સારવારની સફર અલગ અલગ હોય શકે પરંતુ તેનુ લક્ષ્ય ફક્ત કેન્સરને હરાવવાનું છે તેથી અનન્ય પરંતુ સંયુકત રહી લક્ષ્ય પ્રાપ્ત કરવા આ વિશેષ થીમ પ્રોત્સાહન

છેલ્લા ૨ વર્ષમાં રાજકોટ કેન્સર સોસાયટી એ કેન્સરનાનિદાન અને સારવારમાં હરણફાળ ભરેલ છે જેમાં કેન્સરને થતું અટકાવવાના પ્રયત્નો તથા તેની આંતરરાષ્ટ્રીય પધ્ધતી મુજબની સારવાર કરવામાં આવે છે. હાલમાં રોજના કેન્સરના ૧૨ થી ૧૫ ઓપરેશન, ૧૦૦ જેટલી કિમોથેરાપી અને ૨૦૦ જેટલા રેડીએશન(શેક) આપવામાં આવે છે.

તાજેતરમાં જ આ હોસ્પિટલને એન.એ.બી.એચ.દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ છે જે દર્દીની સારવાર માટે ઉચ્ચગુણવત્તા,સલામતી અને નિરંતર સુધારણા નિશ્ચિત કરે છે.આ ઉપરાંત અઈઈઈ(યુનિયન ફોર ઈન્ટરનેશનલ કેન્સર કંટ્રોલ)માં પણ સભ્યતામેળવવા પહેલ કરેલ છે.તથા કુંડારીયા કેન્સર પ્રીવેન્સન ફાઉન્ડેશન કેન્સરનીજાગૃતિ ફેલાવવા માટે રાજકોટ કેન્સર સોસાયટીના એક ભાગરૂપી કાર્યરત છે.

રાજકોટ કેન્સર સોસાયટીની વર્ષ ૧૯૬૯માં કિશાનપરા ચોકમાં નાના હોસ્પિટલની શરૂઆતથી લઈ આજે હનુમાન મઢી ચોક નજીક ૮ માળની હોસ્પિટલ સુધીની સફર દર્દીઓનો હોસ્પિટલ પ્રત્યેનો ભરોસો વ્યકત કરે છે. જે રાજકોટ કેન્સર સોસાયટી હંમેશા અકબંધ રાખશે અને કેન્સર સામેની લડત લડતી રહેશે. આ પત્રકાર પરિષદમાં રાજકોટ કેન્સર સોસાયટીના મેડીકલ ડાયરેકટર ડો.ખ્યાતી વસાવડા, ચેરમેન, ગવર્નીંગકાઉન્સીલના સભ્યો અને ડોકટરો ઉપસ્થિત રહેલ હતા.

# ગુજરાત ભાજપમાં ફ્રી ફોર ઓલ જેવી સ્થિતિ જલ્દી પ્રદેશ પ્રમુખ નિમાવવાનો સંકેત

## સંગઠન નવરચના જુથવાદ અને લેટર કાંડના પગલે જ મુલત્વીઃ સ્થાનીક ચૂંટણીમાં ગયા તો ત્યાં પણ વિવાદના દાબડા ખુલવા લાગ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાતમાં સંગઠન નવરચના અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી સહિતના મુદ્દે સર્જાઇ રહેલા એક બાદ એક લેટર કાંડ અને જે રીતે નેતાઓના વિધાનો ધડાધડ આવી રહ્યા છે તેનાથી ભાજપ મોવડી મંડળ સ્તબ્ધ થઇ ગયું છે. ગુજરાતમાં સંગઠન નવરચના વિલંબમાં મુકીને ભાજપ પસ્તાઇ રહ્યું હોય તેવો સંકેત મોવડી મંડળે આપી દીધો છે અને હવે ટુંક સમયમાં જિલ્લા મહાનગરોની રચનાને વિલંબમાં મુકીને પહેલા પ્રદેશ પ્રમુખ અને તેની ટીમ રચી દે તેવી શકયતા વ્યકત થઇ રહી છે.

એટલું જ નહીં અગાઉ જે રીતે જ્ઞાતિ-જાતિના સમીકરણો, ઓબીસી કે પછાત વર્ગ અથવા સવર્ણમાંથી કોઇ પ્રદેશ પ્રમુખ આવશે તેવી ચર્ચાના બદલે હવે ગુજરાત ભાજપને કંટ્રોલ કરી શકે તેવા પ્રદેશ માટે પણ મોવડી મંડળ વિચારણા કરી રહ્યું હોવાના સંકેત છે. ખાસ કરીને જે રીતે અમરેલી લેટર કાંડ જેમાં ભાજપ મોવડી મંડળ અને સરકારે ભીનુ સંકેલવા પ્રયત્નો કર્યો હતો.પરંતુ તે શકય બન્યું નથી અને રાજ્ય સરકારને ખાસ તપાસ ટીમ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપના વડા નિર્લેપ્ત રાયના નેતૃત્વ હેઠળ રચવી પડી અને તેનો રીપોર્ટ પણ મુખ્યમંત્રીના ટેબલ પર આવી ગયો હોવાનો સંકેત છે. તે સમયે જ અમરેલીમાં પૂર્વ સાંસદ દિલીપ સંઘાણીએ નાર્કો ટેસ્ટની માંગણી કરીને હવે જિલ્લામાં અત્યાર સુધી જે બંધ બારણે યુદ્ધ ચાલતું હતું તે ખુલ્લામાં લાવી દીધું છે અને તેમના સમર્થનમાં પૂર્વ સાંસદ નારણ કાછડીયા આવી ગયા છે.બીજી તરફ વર્તમાન ભરત સુતરીયા અને ભાજપના દંડક અને ધારાસભ્ય કૌશિક વેકરીયાનું ગ્રુપ પણ હવે આક્રમક બને તેવા સંકેત છે. અને સરકારનું કર્યુ કારવ્યું ધુળમાં મળી જાય તેવી શક્યતા છે. બીજી તરફ પૂર્વ નાયબ મંત્રી નીતિન પટેલે જે રીતે ભાજપમાં રાજકીય દલાલી વધી ગઇ છે તેવું જાહેર કરીને નવો ખળભળાટ મચાવી દીધો છે. જો કે નીતિન પટેલ અવાર-નવાર પોતાનો આક્રોશ વ્યકત કરતા રહે છે. પરંતુ હવે સમગ્ર પક્ષને લપેટી લીધો છે એટલું જ નહીં એક બાદ એક લેટર કાંડમાં પણ કેબીનેટ મંત્રીઓ સપડાઇ રહ્યા છે. આમ ગુજરાત ભાજપમાં હાલ કોઇ અંકુશ ન હોય તેવી સ્થિતિ બની છે અને હજુ ચૂંટણી પરિણામો બાકી છે તેમજ સંગઠન નવરચના તો જિલ્લા અને મહાનગર કક્ષાએ શરુથી શરુ કરવાની છે. તેમાં પણ અંકુશ લગાવવામાં ન આવેત નવો વિખવાદ પેદા થાય તેવી શક્યતા નકારાતી નથી અને આથી જ હવે નવા પ્રમુખની ચર્ચા



ફરી એક વખત વેગવાન બની છે. સુત્રોના જણાવ્યા મુજબ જે રીતે સી.આર. પાટિલે આવતા જ પોતાની ધાક બનાવી લીધી હતી અને રાજ્યમાં નેતૃત્વ પરિવર્તન પણ થયું પછી પાટિલ એટલે ગુજરાત ભાજપ અને ગુજરાત ભાજપ એટલે પાટિલ તેવી પરિસ્થિતિ બની ગઇ હતી. અને તેમાં હવે અચાનક જ ભડકો થયો છે અને અત્યાર સુધી જે સી.આર. પાટિલ અને તેની ટીમ તટસ્થ મનાતી હતી તે પણ જુથવાદમાં વ્યસ્ત હોવાનું બહાર આવી ગયું છે.

એટલું જ નહીં તેના કારણે પાટિલ અને તેની આસપાસના લોકોને ટાર્ગેટ બનાવવાનું શરુ થઇ ગયું છે. તો પાટિલ જુથની આસપાસ મનાતા અનેક કદ રાતોરાત વધી ગયા અને તેઓએ પણ સ્થાનિક ચૂંટણીમાં પક્ષના સ્થાપિત નેતાઓને પડકારવાનું શરુ કરી દીધું છે.

# ભારતીય ઔદ્યોગિક મેળો ૨૦૨૫ ખાતે રેલવે દ્વારા સેમિનારનું આયોજન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા ૨ ફેબ્રુઆરી થી ૫ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન રાજકોટના ગર્જઈઈ ગ્રાઉન્ડ ખાતે ભારત ઔદ્યોગિક મેળો ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ઉદ્યોગપતિઓને માર્ગદર્શન આપવા માટે ભારતીય રેલ્વે દ્વારા એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારની શરૂઆતમાં, રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વિની કુમાર, પશ્ચિમ રેલ્વેના ચીફ વર્ક્સ એન્જિનિયર શમનીષ પ્રધાન, રેલ્વે બોર્ડના પ્રોડક્શન યુનિટના સંયુક્ત નિયામક પારસ મહિંદિરત્તા, લઘુ ઉદ્યોગ ભારતી (સૌરાષ્ટ્ર ડિવિઝન) ના અધ્યક્ષ ગણેશ ભાઈ ઠુમ્મર, લઘુ ઉદ્યોગ ભારતીના મુખ્ય માર્ગદર્શક અને ગાઇડ હંસરાજ ભાઈ ગજેરા વગેરેએ દીપ પ્રાગટ્ય કર્યું. ઉલ્લેખનીય છે કે રાજકોટમાં યોજાઈ રહેલા આ ઔદ્યોગિક મેળામાં ભારતીય રેલ્વે પ્રથમ વખત ભાગ લઈ રહી છે. મેળામાં રેલવેના કુલ ૧૮ સ્ટોલ છે જેમાં રેલવેના તમામ મુખ્ય ઉત્પાદન એકમો, વર્કશોપ અને અન્ય એકમો




ભાગ લઈ રહ્યા છે. રેલવેના સંબંધિત ટેકનિકલ સ્ટાફ તેમના ઉત્પાદનો અને સ્પેરપાર્ટ્સ પ્રદર્શિત કરી રહ્યા છે અને મેળામાં આવતા ઉદ્યોગપતિઓ અને વિક્રેતાઓને મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડી રહ્યા છે. આ પ્રસંગે રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વની કુમારે જણાવ્યું હતું કે રાજકોટ એક મેન્યુફેક્ચરિંગ હબ છે અને અહીંના MSME ઉદ્યોગપતિઓ આ ઔદ્યોગિક મેળા દ્વારા સરળતાથી સમજી શકશે કે વિવિધ ઉત્પાદનોના ઉત્પાદનમાં રેલ્વેની શું આવશ્યકતા છે અને ઉત્પાદનના ધોરણો શું છે, નોંધણી કેવી રીતે કરાવવી, પ્રમાણપત્ર કેવી રીતે મેળવવું વિગેરે જેથી તેઓ રેલવેના વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લઈને તેમના ઉત્પાદનો વેચી શકે તે માટે. ત્યારબાદ, એક પછી એક, રેલવેના તમામ ઉત્પાદન એકમો અને વર્કશોપના વરિષ્ઠ અધિકારીઓએ ડ઼ડ઼ઝ દ્વારા ઉદ્યોગપતિઓને મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડી. સેમિનાર પછી, રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વની કુમાર અને એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર કૌશલ કુમાર ચૌબેએ મેળામાં સ્થાપિત વિવિધ સ્ટોર્સની મુલાકાત લીધી.

ઉદ્યોગપતિઓ અને વિક્રેતાઓએ મેળામાં રેલવે દ્વારા લગાવવામાં આવેલા સ્ટોલ્સ પર પ્રદર્શિત વિવિધ ઉત્પાદનોનું પણ અવલોકન કર્યું અને આ કાર્યક્રમની પ્રશંસા કરી.

# રાજકોટથી કુંભની પ્રથમ વોલ્વોનું પ્રસ્થાન

## પ્રથમ બસમાં ૨૬ મુસાફરો ગયા : ખાસ પેકેજ બસને ઝંડી બતાવી રવાના કરાવતા મેયર નયનાબેન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શ્રદ્ધાળુઓને ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ ખાતે મહાકુંભ મેળામાં જવાની સુવિધા આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર દ્વારા નવીન વોલ્વો બસ સેવા શરૂ કરવા આવી છે.જે અન્વયે આજે સવારે રાજકોટ મેયર નયનાબેન પેઢડીયા તેમજ ધારાસભ્ય સર્વે ડો. દર્શિતાબેન શાહ અને રમેશભાઈ ટીલાળા દ્વારા રાજકોટથી પ્રયાગરાજની ખાસ પેકેજ બસનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કર્યા બાદ લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રથમ બસમાં ૨૬ મુસાફરો રવાના થયા હતા. આ પ્રસંગે મેયર નયનાબેન પેઢડીયા તેમજ ધારાસભ્યો ડો. દર્શિતાબેન શાહ અને રમેશભાઈ ટીલાળાનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું હતું. મેયર તથા ધારાસભ્યોએ બસમાં મુસાફરોને પુષ્પગુચ્છ આપી અને મોઢું મીઠું કરાવીને યાત્રા આરામદાયક અને સફળ રહે, તેવી શુભેચ્છા પાઠવી હતી. આ તકે રાજકોટ એસ.ટી.ના વિભાગીય નિયામક જે. બી. કલોતરા અને વહીવટી અધિકારી ધવલભાઈ વાઘેલા સહિતનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. રાજકોટ-પ્રયાગરાજ-રાજકોટની મુસાફરી માટે કુલ ૬ બસ ફાળવવામાં આવી છે. રાજકોટથી દરરોજ એક બસ સવારે ૫ કલાકે ઉપડશે અને બીજે દિવસે સાંજે ૭ કલાકે પ્રયાગરાજ ખાતે પહોંચશે. એ પછીના દિવસે બપોરે ૧ કલાકે બસ પ્રયાગરાજથી નીકળશે અને બીજે દિવસે રાત્રે ૨ કલાકે બસ રાજકોટ પહોંચશે. પેકેજ બસના મુસાફરો માટે પ્રથમ અને ત્રીજી રાત્રે રહેવાની વ્યવસ્થા બારણ (મધ્યપ્રદેશ બોર્ડર) મુકામે કરવામાં આવી છે. યાત્રિકોએ પ્રયાગરાજ મુકામે રહેવાની વ્યવસ્થા પોતાની રીતે કરવાની રહેશે. બસનું વ્યક્તિદીઠ પેકેજ ભાડું રૂ. ૮,૮૦૦ છે. આ બસનું ઓનલાઈન બુકિંગ એસ.ટી. નિગમની વેબસાઈટ www.gsrtc.in પરથી કરી શકાશે.


ગુજરાત સરકાર બસ સેવાનું આયોજન કરીને પુણ્ય કાર્યમાં સહભાગી થઈ રહી છે, ખૂબ ખૂબ આભાર તેમ મુસાફર શીતલબેન જોશીએ જણાવેલ હતું. મહાકુંભ મેળો શરૂ થયો ત્યારથી તેનો લાભ લેવાની ખૂબ ઈચ્છા હતી. પરંતુ કઈ રીતે ત્યાં પહોંચવું, તેની ચિંતા હતી. તેવામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ પ્રયાગરાજ જવા સરસ મજાની બસ સેવા ફાળવતા હાશકારો થયો.

જેથી હવે આ બસમાં પતિ ચેતનભાઈ, દીકરી જાનવીબેન અને સાસુ કિરણબેન, એમ પરિજનો સાથે મહાકુંભ મેળામાં જઈ રહી છું, તે વાતનો આનંદ છે. ગુજરાત સરકાર બસ સેવાનું આયોજન કરીને પુણ્ય કાર્યમાં સહભાગી થઈ રહી છે, ખૂબ ખૂબ આભાર માન્યો હતો. આ બસ સેવાનો લાભ લઈને ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી ધન્યતાની અનુભૂતિ કરી શકીશું તેમ મહિપાલસિંહ ગોહિલે પણ જણાવેલ હતું.

અનેક ભક્તો ૧૪૪ વર્ષે યોજાતા મહાકુંભ મેળામાં જવા તત્પર છે. લાખો લોકોની ભીડના લીધે રહેવા-જમવાની વ્યવસ્થા કરવી મુશ્કેલ છે. ત્યારે સરકારે મેળામાં આવવા-જવાની સગવડતા કરી આપી છે.

રાજકોટથી પ્રથમ બસમાં મને માતા સાથે પ્રયાગરાજ ખાતે મહાકુંભ મેળામાં જવાનો મોકો મળ્યો છે. આ બસ સેવાનો લાભ લઈને ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી ધન્યતાની અનુભૂતિ કરી શકીશું. જેના બદલ અમે ગુજરાત સરકાર પ્રત્યે આભાર વ્યક્ત કરીએ છીએ.



(તસ્વીરઃ આનંદ જાવિયા)







# ગોંડલ ચોકડી પાસે કારમાં ચોરખાનું બનાવી દારૂનો જથ્થો લાવનાર બુટલેગર ઝડપાયો

## ગુના નિવારણ શાખાની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવી સુખસાગર સોસાયટીના શખ્સને દબોચી લઈ રૂપિયા ૫.૬૦ લાખનો મુદ્દા માલ કબજે કર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં દારૂની હેરાફેરી કરવા બુટલેગરો નિત નવા નુસખા અપનાવી રહ્યા છે ત્યારે બ્રેઝા કારમાં ચોરખાનું બનાવી દારૂનો જથ્થો રાજકોટમાં બુટલેગર ઘુસાડે તે પહેલા જ ગુના નિવારણ ની શાખાની ટીમે ગોંડલ ચોકડી પાસેથી દબોચી લઈ રૂા.૫.૬૦ લાખનો મુદ્દા માલ કબજે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ગુના નિવરણ શાખાના પીએસઆઈ એમ જે હુંણ પીએસઆઈ પીબી તાજીયા એસઆઈ મયુરભાઈ પટેલ તથા સંતોષભાઈ મોરી તથા મહિપાલસિંહ કોન્સ્ટેબલ નગીનભાઈ ડાંગર તથા હિરેનભાઈ સોલંકી સહિતનો સ્ટાફ રાજકોટ ગોંડલ હાઈવે પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ વાતમીના આધારે ગોંડલ રોડ ચોકડી પાસે વોચ ગોઠવી હતી તે દરમિયાન બ્રેઝા કાર નંબર જીજે ૨૭ બી એલ ૫૧ ૧૭ માં એક ઈસમ શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેનો પીછો કરી કારને અટકાવી ફલાસી લેતા કારમાં ચોરખાનું બનાવી દારૂનો જથ્થો છુપાવેલો મળ્યો હતો પોલીસે વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડના ૨૫૮ ચપલા કિંમત રૂપિયા ૫૯૦૦૦ નો જથ્થો કબજે કરી કારનો ચાલક નીરવ કિશોર મોટેરીયા રહે સુખસાગર સોસાયટી શેરી નંબર એક ૧૫૦ ફૂટ રીંગ રોડ ગોવર્ધન ચોક પાસે નામના બુટલેગરની ધરપકડ કરી કાર સહિત કુલ રૂપિયા ૫.૬૦ લાખનો મુદ્દા માલ કબજે કરી દારૂનો જથ્થો મોકલાવનાર સપ્લાયર ની શોધખોળ શરૂ કરી છે






# રાજકોટમાં ડેંગ્યુ કેસોમાં પચાસ ટકા વધારો,શિયાળામાં પણ કહર જારી

## મિશ્ર ઋતુ જેવા હવામાનથી શરદી-ઉધરસના કેસો ૧000ને પાર થયા, તાવ અને સ્નાયુ દુખાવા સહિતના કેસો પણ વધ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં ગત વર્ષની સાપેક્ષે આ વર્ષે ડેંગ્યુના કેસોમાં ૪૮.૬૮ ટકા એટલે કે આશરે પચાસ ટકાનો વધારો માત્ર મનપાના ચોપડે નોંધાતા કેસો મૂજબ નોંધાયેલ છે. આ ઉપરાંત શહેરમાં ખાનગી હોસ્પિટલ કે દવાખાનામાં સારવાર લેવાઈ હોય અને કેસ ન નોંધાયા હોય તેવા અનેક કેસ હોવાની શક્યતા નકારાતી નથી. ચિંતાજનક વાત એ છે કે કડકડતી ઠંડીવાળા શિયાળામાં પણ ડેંગ્યુનો ચેપ પ્રસરવાનું જારી રહ્યું છે અને ઈ.સ.૨૦૨માં ગત સપ્તાહે વધુ ૨ સહિત ૫ કેસો નોંધાયા છે.

ડેંગ્યુ એ એડીસ ઈજીપ્ટી પ્રકારના મચ્છરોથી ફેલાય છે. માદા મચ્છરને મનુષ્યના લોહીમાંથી પોષણ મળતું હોય તે દિવસના સમયે જ કરડીને આ ચેપ ફેલાવે છે. ગંભીર વાત એ છે કે સઘન કામગીરીના દાવા વચ્ચે પણ રાજકોટમાં શિયાળામાં આ દિવસના મચ્છરોનો ત્રાસ પણ યથાવત્ રહ્યો છે. આ જ મચ્છરોથી ગુજરાતમાં આ વર્ષે ઝીકા વાયરસના કેસો પણ નોંધાયેલા છે ઉપરાંત ચિકનગુનિયાના અનેક કેસો પણ નોંધાયેલા છે.

મનપા દ્વારા એક તરફ ગત સપ્તાહમાં ૩૯ હજાર ઘરોમાં પોરાનાશક કામગીરીનો, ૬૮૮ ઘરોમાં ફોગીંગ સહિતની કામગીરીનો દાવો કરાયો છે પરંતુ, બીજી તરફ ખુદ મનપા કચેરી કે જ્યાં કમિશનર,મેયર,આરોગ્ય સહિતના ઉચ્ચ અધિકારીઓ બેસે છે ત્યાં પરિસરમાં આવેલ ફૂવારાના ખાલી પડેલા કુંજમાં બંધિયાર પાણી જોવા મળે છે.

ઘણીવાર તો ખબર પણ ન પડે તેવો જરાક ચટકો ભરીને આ મચ્છર ગંભીર પ્રકારના રોગના વિષાણુ શરીરમાં નાંખી જાય છે જેના પગલે વારંવાર ઘર-ઓફિસમાં બંધિયાર પાણી કે જે ટાયર,ડબલા,કુંડી,અવેડા,ટાંકી,છોડના કે પંખીને પીવાના કુંડા વગેરેમાં રહેતું હોય તેને સાફ કરવા અને દિવસના સમયે આખુ શરીર ઢંકાય તેવા વસ્ત્રો પહેરીને મચ્છર ન કરડે તેનું ધ્યાન રાખવા સલાહ અપાતી રહી છે.




MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કોઠારિયા રોડ-સ્વાતિ સોસાયટીમાં દારૂ સાથે બુટલેગર ઝડપાયો

■ બુટલેગરનો ભાઈ ભાગી છૂટ્યોઃ પીસીબી ટીમનો દરોડો



**મુખ્ય સમાચાર,રાજકોટ**
શહેરના કોઠારિયા રોડ ઉપર ન્યુ સ્વાતિ પાર્કમાં રહેતા બુટલેગરના ઘરે પીસીબીએ બાતમીના આધારે દરોડો પાડી ૨૭હજારની કિંમતની ૪૧ બોટલ દારૂ સાથે બુટલેગરને ઝડપી લીધો હતો. પકડાયેલ શખ્સ સામે છ જેટલા ગુના નોંધાયેલા છે. પકડાયેલ બુટલેગરનો ભાઈ દરોડામાં ફરાર થઈ ગયો હતો. મળતી વિગતો મુજબ પીસીબીના ઈન્ચાર્જ પીઆઈ એમઆર ગોંડલિયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.જે. હુણની ટીમના કિરતસિંહ ઝાલા અને વાલજીભાઈને મળેલી બાતમીના આધારે કોઠારિયા રોડ ઉપર ન્યુ સ્વાતિ પાર્ક શેરી નં. ૧ માં અજય ભીખુ મકવાણાના ઘરે પોલીસે દરોડો પાડયો હતો. આ દરોડામાં રૂા. ૨૭,૦૦૦ની કિંમતની ૪૧ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે અજય મકવાણાની ધરપકડ કરી પુછપરછ કરતા આ દારૂમાં તેના ભાઈ રવિ મકવાણાનું નામ પણ ખુલ્યું હોય જેની પોલીસે શોધખોળ શરૂકરી છે.

પીએસઆઈ એમ.જે. હુણ સાથે ટીમના પીબી ત્રાગિયા, મયુરભાઈ, સંતોષભાઈ, મહિપાલસિંહ, હરદેવસિંહ, કરણભાઈ મારુ, ઘનશ્યામસિંહ, હરદેવસિંહ રાણા, હિરેનભાઈ સોલંકી, નગીનભાઈ ડાંગર સહિતના સ્ટાફે કામગીરી કરી હતી.

# પોરબંદરના કુખ્યાત શખ્સની છરીના ઘા ઝીંકી કરપીણ હત્યા

## અગાઉ મુળુ મોઢવાડીયા હત્યા કેસમાં સંડોવણી ખુલી હતી અસંખ્ય ગુના પણ નોંધાયેલા હતા

**મુખ્ય સમાચાર, પોરબંદર**
પોરબંદરના એક સમયના ભીમાદુલા ગેંગના સાગરીત અને મુળુ મોઢવાડીયા હત્યા કેસમાં જેની સંડોવણી ખુલી હતી તેવા મેરામણ ઉર્ફે લંગી માલદે ખૂંટીની ગત મોડી રાત્રીના બખરલા ગામે કરપીણ હત્યા કરવામાં આવી છે. આ ઘટના બનતા સગા-સંબંધીઓ અને બહોળો મિત્ર વર્તુળ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતા બગવદર પોલીસ મથકનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. પ્રાથમિક કાગળો કરી મૃતદેહને પીએમ અર્થે પોરબંદર હોસ્પિટલ ખસેડયો હતો.



જાણવા મળતી પ્રાથમિક વિગત પ્રમાણે પોરબંદરના બખરલા ગામે મેરામણ ઉર્ફે લંગી ખૂંટી નામના વ્યક્તિની જૂના મનદુઃખમાં હત્યા કરી નાખવામાં આવી હતી. તેમની હત્યા તેમને ત્યાં કામ કરતા માણસ દ્વારા થઈ હોવાની શંકા કેન્દ્ર સ્થાને છે ત્યારે આ મુદ્દાને ધ્યાનમાં રાખીને ચોક્કસ દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે. જાણવા મળ્યા પ્રમાણે મૃતક મેરામણ ખૂંટી મહેર અગ્રણી ભીમાભાઈ દુલાભાઈનો ભાણેજ થતો હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે પોરબંદરની ભાવસિંહજી હોસ્પિટલે ખસેડાયા બાદ વહેલી સવારે પરિવારજનોને સોંપવામાં આવતા મૃતદેહને તેમના વતન બખરલા લઈ જવાયો હતો.

પોલીસ સુત્રોમાંથી જાણવા મળતી વિગતો મુજબ, ભુતકાળમાં મેરામણ અને તેનો અંગત માણસ સંજય દેવશી બન્ને સાથે કામ કરતા હતા. પરંતુ કોઈ બાબતે માથાકુટ સર્જાતા બન્ને છુટા પડ્યા હતા. તેના મનદુઃખના કારણે સંજય દેવશીએ છરીના ઘા ઝીંકી હત્યા નીપજાવી હોવાનું બહાર આવ્યું છે. આ ઉપરાંત જાણવા મળ્યા મુજબ મેરામણ લંગીનું બરડા પંથકમાં ખુંખાર શખ્સ તરીકે ઓળખ હતી. તેને ક્રૂર શખ્સ ગણતા હતા. આ ઉપરાંત તેના વિરુદ્ધ અલગ અલગ પ્રકારના ૧૪ ગુનાઓ પોલીસ ચોપડે નોંધાયા છે. આમ જોઈએ તો, બખરલા ગામનો ઈતિહાસ કાંઈ અલગ જ છે અને લોહીથી ખરડાયેલો છે. અગાઉ સરમણ મુંજા જાડેજાની બખરલા ગામે જ હત્યા થઈ હતી. અને હાલ ચુંટણીનો માહોલ ચાલી રહ્યો છે ત્યારે ફરી બરડા પંથકમાં નામચીન શખ્સની હત્યા થતા એક સમયની ગેંગ વોરની યાદ તાજી થઈ છે.

તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન ફોન કરી ૧૦૮ મારફત સરકારી ભાવસિંહજી હોસ્પિટલે મેરામણને ખસેડવામાં આવ્યો હતો જ્યા ફરજ પરના તબીબે મેરામણને મૃત જાહેર કર્યો હતો. મેરામણ ની પત્ની મંજુબેને ફરિયાદ નોંધાવી હતી જેમાં આશરે ૬ મહિના પહેલા સંજયના મિત્ર રમેશ દેવાભાઈ ખુંટીના પિતા સાથે મેરામણને બોલાચારી થયેલ જેનું મનદુઃખ રાખીને મેરામણ સાથે ઝઘડો કરી તેમને સાથળના ભાગે ચાકુનો ઘા મારી મોત નિપજાવ્યું હતું. આ બનાવ બનતા બગવદર પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.એસ. બારા તેમજ સર્વેલન્સ સ્ટાફ સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતાં અને કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. સવારે પોરબંદર જિલ્લા પોલીસ વડા ભગીરથસિંહ જાડેજા પણ બખરલા દોડી જઈ સ્થળ નિરીક્ષણ કર્યું હતું અને પોલીસ સ્ટાફને જરૂરી સૂચના આપેલ. પોલીસે આરોપીઓને ઝડપી લેવા જાળ બિછાવી છે.

# ચાલુ રીક્ષાએ ચાલક ફોનમાં વાત કરવા ગયો અને અકસ્માત સર્જાયો : યુવાનનું મોત

## મૃતક મનોહર બામનીયા ડ્રાઈવર પાસે બેઠો હોય, બનાવ વખતે રીક્ષા અને થાંભલા વચ્ચે દબાઈ ગયો હતો

**મુખ્ય સમાચાર,રાજકોટ**
મધ્યપ્રદેશના પરિવારો મજૂરીની શોધમાં લોધીકા ખાતે આવ્યા પછી ત્યાંથી પરત ટંકારા તરફ જતા હતા ત્યારે ખીરસરા પાસે ચાલુ રીક્ષાએ ચાલક ફોનમાં વાત કરવા ગયો અને અકસ્માત સર્જાયો હતો. જેમાં યુવાનનું મોત નીપજ્યું હતું. મૃતક મનોહર મુકેશભાઈ બામનીયા (રહે. મૂળ મધ્યપ્રદેશ) ડ્રાઈવર પાસે બેઠો હોય, બનાવ વખતે રીક્ષા અને થાંભલા વચ્ચે દબાઈ ગયો હતો. ૧૫ દિવસ પહેલાના બનાવ અંગે મેટોડા પોલીસ મથકે રીક્ષા ચાલક સામે ફરિયાદ નોંધાઈ છે.




ફરિયાદમાં સંતોષ મુકેશભાઈ બામનીયા (ઉં.વ.૨૯, રહે.કુક્ષી, અલીરાજપુર માર્ગ, જિ.ધાર, મધ્યપ્રદેશ)એ જણાવ્યું કે, હું મજુરી કામ કરું છું. મજુરીકામની શોધમાં હું, મારો ભાઈ મનોહર, મારી પત્ની લક્ષ્મીબેન, મારા બાળકો, મારા ગામના પુનાભાઈ, માધુરીબેન, ધરમભાઈ, રાનુભાઈ, સુશીલાબેન, પપ્પુભાઈ, અનીતાબેન એમ બધા ગઈ તા.૧૮/૦૧ના રોજ મારા સાઢુભાઈ લક્ષ્મણભાઈ મીસરીલાલ ડાવર લોધીકા ખાતે દલસુખભાઈ પટેલની વાડીએ રહેતા હોય ત્યાં ગયા હતા.

તા.૧૯/૦૧ના રોજ બધા બજાજ મેક્સીમા ઓટો રીક્ષા જીજે ૦૩ બી એક્સ ૧૯૮૪ માં પરત ફરતા હતા. તે દરમ્યાન મારો ભાઈ મનોહર રીક્ષાના ડ્રાઈવરની બાજુમાં બેઠેલ હતો. સવારના સાડા નવેક વાગ્યે ખીરસરા ગૌશાળા પાસે પહોંચતા રીક્ષાના ડ્રાઈવરને ફોન આવતા તે ફોન કાઢી વાત કરવા જતા તે રીક્ષા પરનો કાબુ ગુમાવતા રીક્ષા રોડ નીચે ઉતરી ગયેલ અને રોડ સાઈડમાં આવેલ સીમેન્ટના થાંભલા સાથે અથડાયેલ.

આગળ બેઠેલ મનોહર થાંભલા તથા રીક્ષા વચ્ચે દબાઈ ગયો હતો. તેને બહાર કાઢેલ ત્યારે તેને છાતીમાં દુઃખતુ હોય જેથી તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરી બોલાવેલ અને રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે સારવારમાં લઈ ગયેલ ત્યા સારવાર દરમ્યાન મારાં ભાઈનું મોત નીપજ્યું હતું.

આ બનાવ બનવાનું કારણ એ છે કે, રીક્ષા ચાલક રીક્ષા પુરપાર ઝડપે ચલાવતો હતો અને તે ચાલુ રીક્ષાએ મોબાઈલ ફોનમાં વાત કરવા જતા પોતાના રીક્ષા પરનો કાબુ ગુમાવ્યો હતો અને આ ઘટનામાં મારાં ભાઈનું ગંભીર ઈજાથી મોત નીપજ્યું હતું. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, મૃતક મનોહર બનાવના પંદર વીસ દિવસ પહેલા જ વતનમાંથી મોરબી જિલ્લાના ટંકારા નજીક મીતાણા ખાતે આવેલ છત્તર જી.આઈ.ડી.સી. ખાતે કામ કરવા આવ્યો હતો. તે બે ભાઈ એક બહેનમાં સૌથી મોટો હતો.

# ગોવાથી રાજકોટ આવી રહેલો ૭૦ લાખનો દારૂ સ્ટેટ મોંનીટરીંગ સેલે ઝડપી લીધો

## મેગીના ૨૫૦ બોક્સ પાછળ દારૂની પેટીઓ છુપાવી હતીઃ રાજસ્થાની ટ્રક ડ્રાઈવર પકડાયોઃ મોકલનાર, મંગાવનાર સહિત ત્રણની શોધખોળ

**મુખ્ય સમાચાર,રાજકોટ**
સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ભિલાડ ચેકપોસ્ટ પર મુંબઈ વાપી હાઈવે પરથી રૂપિયા ૭૦,૧૦,૧૮૬નો ૧૦૪૮૭ બોટલ દારૂ ભરેલો ટ્રક ઝડપી લેવાયો છે. વલસાડના ભિલાડ પોલીસ સ્ટેશનની હદમાં આ કામગીરી કરવામાં આવી છે. જેમાં એક ટ્રક ડ્રાઈવરને ઝડપી લેવાયો છે અને મોકલનાર, મંગાવનાર સહિત ત્રણને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળતા વાપી મુંબઈ હાઈવે પર ભિલાડ ચેકપોસ્ટ પર એક ટ્રકને આંતરી લઈ તપાસ કરતાં અંદરથી રૂ.૭૧,૧૦,૧૮૬નો ૧૦૪૮૭ બોટલ દારૂ મળી આવતાં કબ્જે કર્યો છે. આ દારૂનો જથ્થો ટ્રકમાં મેગીના બોક્સ પાછળ છુપાવાયો હતો. મેગીના રૂ.૨૫૦૦૦ના ૨૫૦ બોક્સ પણ કબ્જે લેવાયા છે.

એસએમસીએ દારૂ, ટ્રક, મેગી, મોબાઈલ ફોન મળી રૂ.૯૧,૪૨,૭૭૬નો મુદ્દામાલ કબ્જે કર્યો છે તેમજ ટ્રક ડ્રાઈવર સુરેશ દેરામરામ પનવર બિશ્નોઈ (રહે. સાંગરવા ગામ જાલોર રાજસ્થાન)ની ધરપકડ કરી છે

ટ્રક ડ્રાઈવરની પુછતાછ થતા તેણે જાલોરના ખારી ગામના શ્રવણ જંગુ બિશ્નોઈના કહેવાથી તેના માણસ શ્રવણે ગોવાથી આ દારૂ મોકલ્યો હતો. રાજકોટના શખ્સે આ દારૂ મંગાવ્યો હતો. એસએમસીના વડા નિરલિપ્ત રાયની



સૂચનાથી ડીવાયએસપી કે.ટી. કામરીયાની રાહબરીમાં પીએસઆઈ એસ.વી.ગરચર, સંજયભાઈ ચાવડા, જયદેવભાઈ ગઢવી અને ટીમે આ કામગીરી કરી હતી.

# સુરેન્દ્રનગર જીલ્લા પંચાયતના આરોગ્ય સમીતીના ચેરમેનના પતિ હની ટ્રેપમાં ફસાયા

## ૨ મહિલા અને ૩ પુરૂષોએ વિડીયો વાયરલ કરવાની ધમકી આપી ૧૦ લાખ માંગ્યા!







**મુખ્ય સમાચાર,રાજકોટ**
સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતના આરોગ્ય ચેરમેનના પતિ હનીટ્રેપનો ભોગ બન્યા છે જેમાં તેમની અંગતપળોનો વીડિયો બનાવી વાયરલ કરવાની ધમકી આપી હતી અને રૂપિયાની પણ માંગણી કરવામાં આવી હોવાની વાત સામે આવી છે.આ સમગ્ર ઘટનામાં પાટડી પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. સુરેન્દ્રનગરમાં આરોગ્ય ચેરમેનના પતિ હનીટ્રેપનો ભોગ બન્યા છે જેમાં રંગરેલીયા મનાવતો વીડિયો ઉતારી રૂપિયાની માંગણી કરવામાં આવી છે,નટુજી ઈલોરીયાનો વીડિયો વાયરલ કરવાની ધમકીં આપી હતી અને ૧૦ લાખ રૂપિયા નહી આપો તો વીડિયો વાયરલ કરવાનું કહ્યું મોકલેલી પડવા સખાની પોલીસ મથુકમાં નોંધાઈ ફરિયાદ છે. પ્રાપ્ત વિગતો અનુસાર પાટડી તાલુકાના ઘાસપુર ગામના અને જિલ્લા પંચાયત સદસ્યના પતિ નટુજી પથુંજી ઈલોરિયા સાથે મૂળ પાટડીની અને હાલ અમદાવાદ રહેતી યુવતીએ વાતો કરી અલગ અલગ છોકરીઓના ફોટા મોકલી રૂબરૂ મળી વિડીયો કોલથી વાતો કરી રૂ. પાંચ હજાર લઈ અંદાજે ૨૨ વર્ષની એક યુવતીને મોકલી હતી. યુવતીએ નટુજીને જણાવ્યું હતું કે પેલી મહિલાએ સંબંધ માટે જણાવ્યું છે. એમ જણાવી ફૂલકી ચોકડી પાસે બોર ઉપર રૂમાઁ લઈ જઈ સંબંધ માટે મજબૂર કર્યા હતા. એ સમયે યુવતીએ છુપી રીતે વિડીયો ઉતારી લીધો હતો અને બે શખ્સોએ અન્ય એક શખ્સ સાથે વાત કરાવી હતી. જે સમયે ૧૦ લાખ રૂપિયા આપો નહીંતર આ કલીપ વાયરલ કરવાની ધમકી પણ આપી હતી. આ વાત સાંભળતાની સાથે જ નટુજી હનીટ્રેપનો ભોગ બન્યાનું જણાતાની સાથે જ તેઓએ પાટડી પોલીસનો સંપર્ક કરી આપવીતી જણાવી બે મહિલા તેમજ ભરત વિનોદભાઈ ઠક્કર રહે. બહુચરાજી, દશરથ ભલાભાઈ પટેલ રહે.બહુચરાજી, ઈમરાન અસ્લમભાઈ સિપાઈ રહે. બજાણા મળીને પાંચ શખ્સો સામે પાટડી પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદની વધુ તપાસ પાટડી પોલીસ ચલાવી રહી.

# કાલાવડ રોડ પર રંગોલી પાર્કમાં કાર ચોરી કરનાર બે શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**
શહેરના કાલાવડ રોડ પર આવેલ રંગોલી પાર્કમાં રહેતી મહિલાના ફ્લેટની નીચે પાર્ક કરેલી કારની ચોરી કરનાર બે શખ્સોને ક્રાઈમ બ્રાન્ચ ની ટીમ ઝડપી લીધા હતા.મળતી વિગતો મુજબ કટારીયા ચોકડી કાલાવાડ રોડ પાસે રંગોલી પાર્ક સી વીંગ ૧૪૦૩માં રહેતી જીજ્ઞાબેન જયેશભાઈ બરારીયાના જેઠ અમિતભાઈ દેવાયતભાઈ બરારીયાની માલીકીની જીજે૦૩જેસી ૫૦૧૨ જે પાર્કીંગમા છેલ્લા પંદરેક દિવસ પહેલા પાર્ક કરેલ હતી અને ત્યારબાદ ગત તા-૨૮/૦૧/૨૦૨૫ ના રોજ ચોરી થઈ હતી. આ બાબતે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી પોલીસે સીસીટીવી ફૂટેજ ના આધારે તપાસ કરતા આ ચોરીમાં બે શખ્સોની અવરજવર દેખાઈ હતી.કારનું બન્ને કારનું બોનેટ ખોલતા હતા અને ત્યારબાદ તેઓ ધક્કો મારી



ત્યાંથી કાર ક્યાંય લઈ જતા હોય તેવુ જોવામા આવતા ક્રાઈમ બ્રાન્ચે આ મામલે તપાસ કરી કાર ચોરી કરનાર ગેસના બાટલા માં મજૂરી કામ કરતા કમલેશ કાના લોખિલ અને કલરકામ કરતાં માનવ વિજય ચંદાવત નામના રાજસ્થાની શખ્સની ધરપકડ કરી આઈ ૧૦ કાર કબજે કરી હતી.ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ એમ.આર.ગોંડલીયા, એલ.એલ.ડામોર તથા પીએસઆઈ એ.એન.પરમાર અને તેમની ટીમે કામગીરી કરી હતી.

# રેલનગર અને રણછોડનગરમાં બે યુવાનોને જાહેરમાં છરીના ઘા ઝીંકી ફરાર શખ્સ ઝડપાયો

શહેરના રેલનગર અને રણછોડનગરમાં બે દિવસમાં બે યુવાન ઉપર જીવલેણ હુમલો કરનાર અને છેલ્લા ૧૫ દિવસથી ફરાર ચામડિયા ખાટકી વાસના નામચીન શખ્સને ક્રાઈમ બ્રાંચે અંતે ઝડપી લીધો હતો. મળતી વિગતો મુજબ શહેરના રણછોડનગર શેરી નં. ૧૬/૪ના ખુણે બનેલા બનાવમાં ગત તા. ૧૮-૧ ના રોજ પરેશ ચંદ્રકાંતભાઈ પટેલ પોતાનું મોટરસાયકલ લઈ જતો હતો ત્યારે મોટર સાયકલ બાજુમાંથી પસાર થતાં નજીવી બાબતે થયેલ ઝઘડામાં ચામડિયા ખાટકી વાસમાં રહેતા અલબાઝ ઉર્ફે રઈસ ઉર્ફે અબુ મહમદભાઈ ભાડુલા નામના શખ્સે પરેશને ગાળો આપી છરીનો ઘા ઝીંકી દીધો હતો અને ભાગી ગયો હતો આ મામલે બી ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. આ ઘટના બાદ ગત તા. ૨૦-૧ના રોજ રેલનગરના મૈસુર ભગત ચોક પાસે રવેચી હોટલની પાછળ અજય સંજય સોલંકી નામના યુવાન સાથે નજીવી બાબતે ઝઘડો કરી અલબાઝે તેને પણ છરીના ઘા ઝીંકી તેની હત્યાનો પ્રયાસ કર્યો હતો. બે દિવસમાં બે યુવાનો ઉપર જાહેરમાં છરીના ઘા ઝીંકી જીવલેણ હુમલો કરીને ફરાર થઈ ગયેલા અલબાઝને શોધવા માટે પોલીસની અલગ અલગટીમો કામે લાગી હતી. છેલ્લા ૧૫ દિવસથી ફરાર અલબાઝને અંતે ક્રાઈમ બ્રાંચની ટીમે પોપટપરાના નાલા પાસેથી ઝડપી લીધો હતો. અલબાઝ વિરુદ્ધ હત્યાની કોશિષ તેમજ મારામારી, સહિતના ૧૩ જેટલા ગુના નોંધાયેલા છે અને તે એક વર્ષ પૂર્વે જ પાસા હેઠળ જેલની હવા પણ ખાઈ ચુક્યો છે.પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયા તથા ડિસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ અને એસીપી ભરત બી બસિયાની સુચનાથી ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર. ગોંડલિયા, પીઆઈ એમ. એલ. ડામોરએ સીએચ જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.કે. મોવલિયા અને તેમની ટીમના સંજયભાઈ, અમિતભાઈ અગ્રાવત, દિપકભાઈ ચૌહાણ, યુવરાજસિંહ ઝાલા, અશોકભાઈ ડાંગર સહિતના સ્ટાફે કામગીરી કરી હતી.

# રાજકોટથી બગદાણા પૂનમ ભરવા જતી ૧૦ વર્ષીય બાળકી પર દુષ્કર્મ

બગદાણા પુનમ ભરવા આવેલી એક ૧૦ વર્ષની બાળકી સાથે દેગવડા ગામના શખ્સે વર્ષ-૨૦૨૪ના નવેમ્બર-ડિસેમ્બર માસના સમયગાળા દરમિયાન બાળકીની દાદી અને પપ્પાને મારી નાખવાની ધમકી આપી દુષ્કર્મ આચર્યાની ફરિયાદ બગદાણા પોલીસ મથકમાં નોંધાઈ છે. રાજકોટ પંથકની એક ૧૦ વર્ષની બાળકી તેના પરિવાર સફાથે બગદાણા પુનમ ભરવા આવી હતી. અહીં ભરત પ્રભુદાસભાઈ દુધરેજીયા (ઉ.વ.૩૨, રહે.દેગવડા) નામના શખ્સના સાથે બાળકી અને તેના પરિવારનો પરિચય થયો હતો અને મજુરી કામ સાથે જોડાયેલા બાળકીના પરિવારને આ વિસ્તારમાં મજુરી કામ મળતું હોવાથી અવાન-નવાર આવતા રહેતા હોય ત્યારે ૧૦ વર્ષિય બાળકીને તેના દાદી અને પપ્પાને મારી નાખવાની ધમકી આપી ગત વર્ષ-૨૦૨૪ના નવેમ્બર-ડિસેમ્બર માસ દરમિયાન અવારનવાર શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યા અંગેની પોલીસ ફરિયાદ બગદાણા પોલીસ મથકમાં નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# હમ ભી કમ નહીં! યુવતિએ માર્ગ પર ભડકો કરીને જન્મ દિન ઉજવ્યો



યુવા વર્ગમાં મધરાત્રે ૧૨ વાગ્યે જાહેરમાં જન્મ દિવસ ઉજવવાનો ટ્રેન્ડ વધી રહ્યો છે. બર્થ-ડે કેક કાપવા ઉપરાંત પણ કાંઈક હટકે કરવાના ટ્રેન્ડમાં વખતો વખત ગુના પણ દાખલ થયા છે. હવે રાજકોટમાં યુવતિઓ પણ પાછળ ન હોય તેમ યુવતિનો જન્મદિન ઉજવણીનો વીડીયો વાઈરલ થયો છે. રસ્તા પર પેટ્રોલ છાંટીને ૨૨મો જન્મ દિન હોવાનું દર્શાવવા ૨૨ પર ભડકો કરવાના આ બનાવનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે. સોશ્યલ મીડિયામાં વાયરલ વીડિયોમાં યુવતિ બાઈકના સહારે ઉભેલી જોવા મળે છે. રસ્તા પર ૨૨ નંબર લખીને પેટ્રોલ કે જલદ્ પ્રવાહી રેડવામાં આવ્યું છે તેના પર દિવાસળી ફેંકતા જ ૨૨ના આંકડા પર ભડકો થાય છે તનો અર્થ એવો થાય છે કે યુવતિનો ૨૨મો જન્મ દિવસ હશે. જો કે વીડિયોમાં એકમાત્ર યુવતિ જ જોવા મળી રહી છે. જાહેર માર્ગ પર પેટ્રોલ છાંટીને ભડકો કરવા કરવા સાથે ઉજવણીના આ વીડિયો વિશે પોલીસ દ્વારા તપાસ શરુ કરવામાં આવી છે.

# પરિણિતા સાથે દુષ્કર્મ આચરી તેની ત્રણ વર્ષની બાળકીને અડપલાં કરનારની ધરપકડ કરવા તજવીજ

## દુકાનદાર પતિ જેલમાં ગયો એટલે પરિણિતા દુકાને બેસી વ્યાપાર કરતી, ત્યાં આવતા રીક્ષા ચાલક કરણ દબગીરે પહેલા મિત્રતા કેળવ્યા બાદ કૃત્ય આચર્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**
શહેરના ઘંટેશ્વર ૨૫ વારીયા ક્વાર્ટરમાં ચકચારી ઘટના બની છે. આરોપી શખ્સએ ૨૫ વર્ષીય પરિણિતા સાથે દુષ્કર્મ આચારી તેની ત્રણ વર્ષની બાળકીને અડપલા કરતા ગુનો નોંધાયો છે. ગાંધીગ્રામ પોલીસે આરોપીની ધરપકડ કરવા તજવીજ કરી છે.

આ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યા મુજબ, આરોપી કરણ બાદલ દબગીર (ઉં. વ.૨૫) શહેરના જામનગર રોડ પર ઘંટેશ્વર ૨૫ વારીયા કવાર્ટરમાં રહે છે. તે રીક્ષા ચલાવે છે. જ્યારે આ વિસ્તારમાં જ પરિણિતાના પતિને કરીયાણાની દુકાન છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, કરણ અવાર નવાર તેના પતિની દુકાને આવતો. જેથી પરિણિતા અને આરોપી વચ્ચે મૈત્રી સંબંધો હતા. એવામાં પરિણીતના પતિ કોઈ ગુનામાં જેલમાં ગયા હતા.

જેથી પરિણિતા ખુદ કરિયાણાની દુકાને બેસી વેપાર કરતી હતી. પતિ જેલમાં હતો એ વાતનો લાભ લઈ આરોપી પરિણિતા સાથે દુકાને આવી અને ફોન ઉપર વાતો કરવા લાગ્યો હતો. પરિણીતાના ઘરે જતો. આમ પરિચય કેળવ્યા બાદ પરિણિતાના બાળકોને જાનથી મારી નાખવાની ધમકી આપી એક વખત પરિણિતા ઘરમાં જ શરીર સંબંધ બાંધી હવસ સંતોષી હતી.

એ પછી અવાર નવાર ઘરે તેમજ હોટલમાં લઈ જઈ પરિણિતા સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધ્યો હતો. આ પછી ઘરે આવ્યો ત્યારે



પરિણિતાની ત્રણ વર્ષની બાળકીને પણ અડપલાં કર્યા હતા. દરમ્યાન ધમકીઓ આપી રોકડ રૂ. ૩૦ હજાર અને પરિણિતાનો ફોન પણ આરોપીએ પડાવી લીધો હતો. આવા આક્ષેપ સાથે ફરિયાદ નોંધાતા ગાંધીગ્રામ પોલીસે દુષ્કર્મ અને પોક્સો સહિતની કલમો મુજબ ગુનો નોંધ્યો છે. પીઆઈ એસ. આર. મેઘાણીએ વધુ તપાસ હાથ ધરી છે.

# આટકોટમાંથી ઝડપાયેલા ૪૫૦ લિટર બાયો ડીઝલ મુદ્દે હોટેલ માલિક સામે ગુનો



૧ વર્ષ પૂર્વેની ઘટનામાં રિપોર્ટ આવી જતાં મામ. કરી કાર્યવાહી ભાસ્કર ન્યૂઝ આટકોટ રાજકોટ જિલ્લામાં ગેરકાયદેસર બાયોડીઝલના કરોબાર ઉપર રોક લગાવવા રાજકોટ ગ્રામ્ય પોલીસ અને પુરવઠા વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવે છે ત્યારે પુરવઠા વિભાગે એક વર્ષ પૂર્વે ભાવનગર રાજકોટ હાઈવે પાવર હાઉસની બાજુમાં બળધોઈ ડુંગર સામે આવેલી કવિરાજ હોટલની પાછળના ભાગે આવેલા એક પતરાના શેડવાળી ઓરડીમા ધમધમતા બાયો ડીઝલના કાળા કારોબાર પર પોલીસે દરોડો પાડી ૪૫૦ લિટર બાયો ડીઝલ પકડયું હતું.જે મામલે રિપોર્ટ આવ્યા બાદ હોટલ માલિક સામે ગુનો નોંધવામાં આવ્યો છે. જસદણ તાલુકાના મામલતદાર આઈ. જી. ઝાલાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપીમાં બળધોય ડુંગર સામે આવેલ કવિરાજ હોટલના માલિક રાણાભાઈ નકાભાઈ માવલીયા (રહે. જસદણ, વીંછિયા રોડ)નું નામ આપતા જણાવ્યું હતું કે, તા. ૨૯-૦૨-૨૦૨૪ના પુરવઠા વિભાગ દ્વારા બળધોઈ ડુંગરની સામે આવેલ કવિરાજ હોટલની પાછળના ભાગે આવેલ એક પતરાના શેડવાળા બાંધકામની બાજુમાં થતાં બાયોડિઝલના વેચાણ થતું હોવાથી દરોડો પાડયો હતો. અને સ્થળ પરથી ત્રણ પ્લાસ્ટીકના બેરલમાંથી અંદાજે ૪૫૦ લિટર બાયોડિઝાલ કબેજ કર્યું હતું. બાદમાં આ પ્રવાહીના નમુનાઓ પૃથ્થકરણ માટે ગાંધીનગર મોકલ્યા હતા.જેનો રિપોર્ટ ગઈકાલે આવતા તે બાયોડિઝલ હોવાનું ખૂલતાં પોલીસે હોટલ માલિક સામે ગુનો નોંધવામાં આવ્યો છે.